DIVYA BHASKAR, Vadodara, 5.3.2021
Page No. 4, Size:(17.62)cms X (23.30)cms.

### વડોદરામાં પ્લેટફોર્મ 6ને બદલે 7 પરથી સીધી ટ્રેન પસાર કરાશે

# બુલેટ ટ્રેનનું એલાઈન્મેન્ટ બદલી ₹2 હજાર કરોડની બચત કરાશે

### મે મહિનામાં વડોદરા માટેના સી-5 પેકેજનું ટેન્ડર મગાવાશે

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | વડોદરા

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન માટે વડોદરાના 8 કિમીના શહેરી વિસ્તારનો એલાઈમેન્ટ બદલવામાં આવશે. વડોદરામાં પ્લેટફોર્મ 6ના બદલે 7 પરથી સીધી ટ્રેન પસાર કરાશે. આ બદલાવને પગલે રૂા. 2 હજાર કરોડની બચત થવાની આશા નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા વ્યક્ત કરાઈ છે.

આગામી મે મહિનામાં વડોદરા માટેના સી -5 પેકેજનું ટેન્ડર ઈન્વાઈટ કરાશે, જે જુલાઈ મહિના સુધીમાં એલોટ કરાશે. અંદાજે રૂપિયા 2500 કરોડના ખર્ચે વડોદરા બુલેટ ટ્રેન સ્ટેશન અને વાયડક્ટની કામગીરી પૂરી થશે તેમ ગુરુવારે પત્રકાર પરિષદમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનના એમડી અચલ ખરે જણાવ્યું હતું. હજુ જમીન સંપાદનની કામગીરી બાકી હોવાથી ટેન્ડર થયા બાદ ચાર વર્ષમાં વાયડક્ટ અને ત્યાર બાદ પેટ ઈલેક્ટ્રિફિકેશન ના કામ હાથ ધરાશે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ દ્વારા ગુજરાત માટેલ રૂપિયા 32500 કરોડનાં ટેન્ડર એલોટ કરવામાં આવ્યા છે. જ્યારે આગામી સમયમાં અન્ય કામગીરી માટે પણ સ્ટીલ અને સિમેન્ટના ભાવ પ્રોજેક્ટ પર અસર નહીં કરે તેમ જણાવાયું હતું.

## ગુજરાતમાં 95% જમીન સંપાદન થઇ

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ બે તબક્કામાં ચાલુ કરવા માટે આયોજન થઈ રહ્યું છે જે પૈકી ગુજરાતમાં ૯૫ ટકા જમીન સંપાદન થઇ હોવાથી ગુજરાતના આઠ સ્ટેશન ટ્રેન શરૂ કરાશે. જે પૈકી સુરત અને બીલીમોરા વચ્ચે 50 કિલોમીટર માં પહેલું ટ્રાયલ થશે. 7 કિલો મીટરની દરિયામાં ટનલ પણ મહારાષ્ટ્રમાં છે. જ્યારે મહારાષ્ટ્રમાં જમીન સંપાદનનો પ્રશ્ન પેચીદો હોવાનું અને તેની કામગીરી પણ ધીમી હોવા સાથે અત્યાર સુધીમાં માત્ર 25 ટકા જમીન સંપાદન થઇ છે.

## બુલેટ ટ્રેન શરૂ થતાં 6 વર્ષ થશે

નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા જણાવ્યા મુજબ વડોદરા નું પેકેજ પેન્ડલ થયા બાદ ચાર વર્ષમાં પૂર્ણ થશે સિવિલ વર્ક બાદ ટ્રેક અને ઈલેક્ટ્રીક પોલ સહિતની કામગીરી પુર્ણ થતાં વધુ બે વરસ ની શક્યતા છે જેથી સમગ્ર અમદાવાદ થી ગુજરાતના આઠ સ્ટેશન સુધી વાસ્તવમાં ટ્રેન ચાલુ થતાં છ વર્ષ જેટલો સમય લાગશે

## આત્મનિર્ભર ભારત અંતર્ગત 6 ટ્રેન દેશમાં જ તૈયાર કરાશે

બુલેટ ટ્રેન માટે 24 સેટ જાપાનથી મંગાવવાનું આયોજન હતું. દરેક સેટમાં 10 કોચની એક ટ્રેન તૈયાર કરાશે પરંતુ હવે આત્મનિર્ભર ભારત અંતર્ગત જાપાનની કંપનીઓ દ્વારા ભારતની કંપનીઓ સાથે વાતચીત શરૂ કરવામાં આવી છે, જે મુજબ 6 ટ્રેન ભારતમાં બનશે અથવા એસેમ્બલ થશે.